સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ન-ગમતા પદ પર લાકડી લઈને બેઠા છે,
ઓરમાયા શૌ સભ્યોને સાંકળી લઈને બેઠા છે,
વિંઝતા બેઠા શબ્દબાણ 'રમણ' - ભમણ કરી -
શ્રી વોરા સભ્યોની ચોટી પકડી લઈને બેઠા છે.
(અધ્યક્ષશ્રીની ધાક)

હાઈકુ

લ્યો! સિંહો પણ,
ઘાસ ખાતા થૈ જશે -
યોગી રાજમાં...
(કતલખાના બંધ)

ચૂંટણી પછી
થાય છે મતદાર -
એપ્રિલ-ફૂલ...
(ખેડૂતની લોન માફ નહીં થાય)

ઝૂ - સંદર્ભ

ચિંતન

યથા ગજપતિઃ શ્રાન્તઃ છાયાર્થી વૃક્ષમાગતઃ ।
વિશ્રમ્યં તં દ્રુમં હન્તિ તથા નીચઃ સ્વમાશ્રમ્ ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

તપસ્વીઓનું બળ તપ છે, બ્રહ્મ જાણનારાઓનું બળ બ્રહ્મ છે. ('બ્રહ્મ'નો અર્થ વેદ લઈને તો એમ અનુવાદ થશે કે : 'વેદ જાણનારાઓનું બળ વેદ છે.') દુર્જનોનું બળ હિંસા અને ગુણવાનોનું બળ ક્ષમા છે.

ક્ષમાનું સામર્થ્ય અદ્‌ભૂત હોય છે. ગુણીજનો ગમે તેવા દુર્જનોને ક્ષમાના ગુણથી વશ કરી દે છે.

આજના યુગમાં 'બળિયાના બે ભાગ' કહેવત સત્ય અને હકીકત બનતી જાય છે સત્તાધીશો - પોલીસ અને અધિકારીઓને પણ ધમકીની ભાષામાં વાત કરતાં જોવા મળે છે. કાયદો અને ન્યાય આવા મસલમેનના કહ્યામાં ગુલામ જેવો હોય છે. નિર્દોષ પશુ-પંખીના શિકાર કરનારા અને માણસોને કચડી નાખનારા ગુનેગારોની ન્યાય પગચંપી કરે છે.

તપમાં બળ છે ક્ષમામાં શક્તિ છે. જ્ઞાનમાં તાકાત છે દેર છે પણ અંધેર તો નથી જ.

સુવિચાર

- જીસે રામ કો ડર નહિં, નહિ પંચ કી લાજ, ઉસે છેડ કયા કીજીએ, ચૂપ ભલો મહારાજ - **અમૃત બિંદુ**
- કુદરત પાસે કરામત અને તકદીર (નસીબ) પાસે તદબીર (પુરુષાર્થ) ચાલતાં નથી - **અરબી કહેવત**
- દુનિયામાં અવતરી મેં શું ભલાઈ કરી તેનો વિચાર કરજો,
  સદ્‌ગુણ ગ્રહણ કરવા એ પણ મોટી કમાણી છે - **અખંડ આનંદ**
- ગુણ છે તે રૂપને શોભાવે છે, સ્વભાવ કુલને શોભાવે છે
  કોઈ પણ જાતની સિદ્ધિ વિદ્યાને શોભાવે છે - **પુનિત મહારાજ**
- ઈર્ષાખોર, અસંતોષી, ક્રોધી, અશ્વિવાસુ, પારકા ઐશ્વર્ય પર જીવનાર હંમેશા દુઃખી રહે છે - **ભર્તુહરિ**
- આજનું ઔષધ : લસણની બે કળીઓ વાટીને તેમાં એક ચમચી મધ મેળવીને એક ગ્લાસ નવશેકા પાણી સાથે લેવાથી પેટની ચરબી ઘટે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

જીવન જીવવાનો હેતુ-મર્મ અને ધ્યેયને જેણે વિવેકપૂર્ણ સમજીને પ્રાપ્ત કરી લીધાં છે એવા લોકોને જ 'જાગૃત' કહી શકાય - બાકી બીજા તો મૃતપ્રાય હાલતમાં - ઉંઘતા જ છે :

એક નગરમાં બુદ્ધ રાત્રિના સમયે પ્રવચન કરતાં હતા. સાંભળનારા શ્રોતામાં એક જણ ઝોકા ખાતો હતો.

બુદ્ધે તેને પૂછ્યું, 'ભાઈ ઊંઘો છો?'

પેલાએ ચોંકીને જવાબ આપ્યો 'નહિ ભગવાન.' એટલું બોલી ફરી પાછો ઊંઘવા લાગ્યો. આવું ત્રણ ચાર વાર થયું અને દર વખતે પેલો જવાબ આપે 'નહિ ભગવાન.' બુદ્ધે છેલ્લીવાર પૂછ્યું, 'ભાઈ, જીવો છો ??'

દર વખતેની જેમ પેલો બોલ્યો 'નહીં ભગવાન'

આવું સાંભળી સભાજનોમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. પછી પેલાને ઢંઢોળી બુદ્ધે કહ્યું, 'ભાઈ, ઊંઘમાં તમારા મુખમાં થી સાચો જવાબ નીકળી ગયો છે. જે ઊંઘે છે, તે મરેલા જેવો જ છે. માટે જાગો...'

અજ્ઞાનતા પણ ઊંઘ છે. સાચી, સત્ય સમજ મળે, સાચું જ્ઞાન મળે તો જ સાચું જીવીએ છીએ. એવું સમજવું. બાકી જીવનમાં આપણે ઊંઘતા રહીશું તો જીવન જીવવું વ્યર્થ છે.

મન કી બાતનાં સૂચનો આવકારદાયક

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એકી સાથે બધા જ કોંગ્રેસી વડાપ્રધાનોના શ્રેષ્ઠ મુદ્દાઓનું અનુસરણ કરી રહ્યા છે. એમણે પ્રથમ વડાપ્રધાન મંડિત જવાહરલાલ નહેરુની જેમ પોતાની રાષ્ટ્રીય અને વિશ્વવ્યાપી પ્રતિભા નિખારવા પર ધ્યાન આપ્યું છે તેની સાથે જ પંડિત નહેરુના અનુગામી લાલબહાદુર શાસ્ત્રીના પગલે ચાલી અઠવાડિયામાં એક દિવસ ડિઝલ-પેટ્રોલની બચત કરવાનો સંકલ્પ લેવા પ્રજાજનોને આગ્રહ કર્યો છે. શાસ્ત્રીજીએ આયાતી ઘઉંનો ખર્ચ ઓછો કરવા અઠવાડિયે એક દિવસ એકાસણાનું વ્રત રાખવાનો આગ્રહ સેવ્યો હતો. લોકો એમના પ્રત્યેના અનહદ આદરથી પ્રેરાઈને સોમવારનું વ્રત રાખવા લાગેલા. નરેન્દ્ર મોદીની કાર્યશૈલી ઈંદિરા ગાંધીની જેમ એકહથ્થું શાસનપ્રણાલીની યાદ અપાવે તેવી છે. એમણે વૈશ્વિક અર્થકરણમાં વડાપ્રધાનની નીતિ પર આગળ વધવામાં શ્રેય જોયું છે. આમ તમામ કોંગ્રેસી વડાપ્રધાનોનાં સારભૂત તત્ત્વો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મસાત્ કરી લીધા છે અને છતાં કોંગ્રેસી શાસનકાળ દરમિયાન કશું જ નોંધપાત્ર વિકાસકાર્ય નહીં થયું હોવાનો પ્રચાર પણ એટલી જ આસાનીથી કરી શકે છે. આ એમની અંગત સિદ્ધિ છે, જે એમને શ્રેષ્ઠ રાજકારણી બનાવે છે. વડાપ્રધાન એ સમસ્ત રાષ્ટ્રના ચૂંટાયેલા વરિષ્ઠતમ નેતા છે, એ રૂએ તેન ભારત રૂપી કુટુંબના વડા જ ગણાય. કુટુંબના વડાને કુટુંબના હિતમાં માર્ગદર્શન બલકે આદેશાત્મક સૂચનો કરવાનો વણલખ્યો અધિકાર મળી જતો હોય છે. એ દૃષ્ટિએ 'મન કી બાત'ના રેડિયો માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છતા માટેનો સંકલ્પ લેવાનો આગ્રહ રાખે કે થાળીમાં એઠું નહીં છોડવાની સલાહ આપે તો એ બાબત એક સંવેદનશીલ વડીલનો વિશેષાધિકાર જ ગણાય. પ્રજાને આવી સલાહ સ્વયંભૂ માની લેવી જોઈએ. મોદીની સ્વચ્છતા ઝુંબેશના પરિણામે બીજે નહીં તો રેલવે સ્ટેશનો પર તો એની અસર દેખાય જ છે. મોદીએ એમની છેલ્લી 'મન કી બાત' માં એક દિવસના પેટ્રોલ-ડિઝલના 'ઉપવાસ'ની સલાહ આપી એની સાથે જ બહુ જરૂરી એવી કૌટુંબિક શિખામણ આપી છે. એમણે ડિપ્રેશનના દરદીને એકલો નહીં પાડી દેવાની સલાહ આપી છે, તે સંપૂર્ણપણે વૈજ્ઞાનિક સલાહ છે. કુટુંબ આખું ડિપ્રેશનમાં આવી પડેલ સભ્યને શક્ય એટલો વધુ સ્નેહ અને હૂંફ આપે અને સાચવી લે તો એના જીવનમાં ફેલાયેલી હતાશામાંથી એ બહાર લાવી શકશે. મનોચિકિત્સકો આવી જ સલાહ આપતા હોય છે. આજે જયારે મૃત્યુનાં મુખ્ય ચાર કારણોમાં ડિપ્રેશનને કારણે થતી આત્મહત્યાનું કારણ ઊપસી આવ્યું છે. ત્યારે મોદીએ પરિવારના વડાને છાજે એવી શાણી અને સંવેદનાપૂર્ણ શિખામણ આપી છે. પેટ્રોલ - ડિઝલનો વપરાશ અઠવાડિયામાં એક દિવસ પૂરતો પણ બંધ રાખવાથી પ્રદૂષણ પર થોડું ઘણું નિયંત્રણ આવી શકે છે, એથી વિશેષ આર્થિક બોજો પણ ઘટશે. વડાપ્રધાનની 'મન કી બાત' પ્રજા સુધી પહોંચે તે જરૂરી છે. કેજરીવાલથી લઈ રાહુલ ગાંધી સુધીના નેતાઓ 'મન કી બાત' ના મુદ્દે મોદીની હાંસી ઉડાવતા ફરે છે, પરંતુ દેશનો વડાપ્રધાન જો પોતાને સૂઝતી બાબતો પ્રજાજનો સાથે શેર કરતો હોય તો એ આવકારદાયક બાબત જ ગણાવી જોઈએ. એમાં પ્રજાહિતની ચિંતા વ્યક્ત થતી હોય છે.

નવું નવું શીખો, જે શીખે છે તે વિકસે છે...

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

ઈન્ટરવ્યુ સમિતિના ચેરમેને કહ્યું, 'યુ આર સિલેક ટેડ.'

તે દિવસે ગામ આખામાં સોપો પડી ગયો હતો. એક એવો ધડાકો જેનાથી ગામના અબાલ-વૃધ્ધ દરેક જણ આશ્ચર્યમાં સરી પડ્યાં. ઘટના જ એવી બની હતી. દરેકના મોઢે એક જ વાત હતી. ચોરેને ચૌટે એક જ ચર્ચા હતી.

સોહમ અને દીપમ બન્ને મિત્રો. એક જ ગામના. બાલમંદિરથી સાથે ને સાથે જ. કોલેજમાં બન્નેની જોડીની લોકો ઈર્ષા કરે. બાઈક પર બન્ને કોલેજ સાથે જાય ને ફરવા પણ સાથે.

સોહમ ભણવામાં ખૂબ હોંશિયાર. દીપમ થોડોક મધ્યમ. માર્કશીટ આવી ત્યારે સ્વાભાવિક રીતે સોહમના નેવું ટકા ને દીપમના સાઈઠ. દીપમ મધ્યમ ઘરનો વિદ્યાર્થી. પરંતુ ઈતરવાંચનનો જબરો શોખ. લાયબ્રેરીમાં નિયમિત જતો. પુસ્તકો, સામયિકો વાંચવા લઈ આવતો. પરિવર્તન પામતા જગત સાથે તાલ મિલાવતો. કોઈ કામે પાછો ન પડે. હંમેશા ખુશ મિજાજી. પોતે પ્રસન્ન રહે ને બીજાને પ્રસન્ન રાખે. પ્રભુ પર વિશ્વાસ. અભણ મા પાસે કેળવાયેલો.

યોગાનુયોગ સોહમ અને દીપમને મેનેજરની પોસ્ટ માટે એક જ કંપનીમાંથી ઈન્ટરવ્યુ કોલ આવ્યા. નોકરી તો સોહમને જ મળશે. કારણ સ્પષ્ટ હતું. દીપમ કરતાં સોહમના ટકા વધુ હતા. અને ઈન્ટરવ્યુના ચેરમેને કહ્યુ, 'દીપમ, તમે સિલેકટ થાવ છો. બોલો, કયારથી જોઈન કરો છો?'

દીપમના આશ્ચર્યનો પાર ન રહયો. ગામમાં વાયુ વેગે વાત પ્રસરી. દીપમને નોકરી મળી ગઈ ને સોહમ સિલેકટ ન થઈ શકયો. સોહમ ઈન્ટરવ્યુમાં પૂછાયેલા પ્રશ્નોના સસંતપોષકમારક જવાબ ન આપી શકયો. દીપમે પોતાની આંતરસૂઝથી મોટાભાગના જવાબો આપ્યા જે ઈન્ટરવ્યુ સમિતિએ માન્ય રાખ્યા. સાઈઠ ટકા કાંઈ ઓછા નથી. ફસ્ટકલાસ તો છે જ. પરંતુ પૂછાયેલા પ્રશ્નોના તર્કબધ્ધરીતે આપેલા જવાબોનું ઈન્ટરવ્યુમાં મહત્ત્વ છે. દીપમને લાયબ્રેરી વાંચન કામ લાગ્યું.

સોહમ પુસ્તકિયા જ્ઞાનમાં હોંશિયાર હતો. પરંતુ જીવનવ્યવહારના અને તર્કશક્તિને લગતા પ્રશ્નો તેને અઘરા લાગ્યા હતા. પ્રાઈવેટ કંપની પોતાના ઉમેદવારને માત્ર માર્કશીટના ટકા નહિ પણ સમગ વ્યક્તિત્વને ચકાસતા પ્રશ્નો પૂછતા હોય છે. જેમાં દીપમ પાસ થયો હતો. દીપમને કોલેજના છેલ્લા વર્ષના વાર્ષિકોત્સવમાં પ્રિન્સિપાલ સાહેબે કહેલા શબ્દો યાદ આવ્યા: ''જીવનમાં ફકત માર્કશીટના ટકા પૂરતા નથી. તમારી ખરી લાઈફ કોલેજ પૂરી થયા બાદ શરૂ થશે.અન્યને મદદરૂપ થાવ. બીજા માટે જીવો, બીજાને મદદ કરો. કદાચ સમસ્યાનો ઉકેલ ત્યાંથી મળે પણ ખરો ! ટેકસબુકમાંથી માત્ર પુસ્તકના પ્રશ્નોના જવાબ મળી શકશે.

જયારે જીવનની સમસ્યાના ઉકેલ જિંદગીની ખુલ્લી કિતાબમાંથી જ મળશે. નવું નવું શીખો, જે શીખે છે તે વિકસે છે.'' 'દીપમ,અભિનંદન'. સોહમ બોલ્યો, ને બન્ને મિત્રો ભેટી પડયા. શાળાકીય પરીક્ષાઓમાં સફળ ન થનારા જીવનની અઘરી પરીક્ષાઓમાં અવ્વલ આવતા હોય છે. આજે મલ્ટી ડીસીપ્લીન અને વેલ્યુએડેડ શિક્ષણની કિંમત વધી છે. ઉચ્ચશિક્ષણ મેળવેલ યુવાન મહિને દસ હજારથી વધુ કમાતો નથી. જયારે ઘરે બેઠેલી અભણ મા ગાયભેંસના તબેલા થકી અઠવાડીયે વીસ હજાર કમાય છે. અમિતાભબચ્ચન, લતામંગેશકર, સચીન તેંડુલકર, વિરાટ કોહલી, સાનીયા મિર્જા, અક્ષય કુમાર, આમીર ખાન, ધીરૂભાઈ અંબાણી, વગેરેની માર્કશીટ દર્શનીય નહોતી, એટલે કે તેઓ કયારેય વર્ગમાં અવ્વલ આવ્યા નહોતા. પરંતુ આજે સૌથી સફળ વ્યક્તિઓમાં તેઓ મોખરે છે. બોર્ડની પરીક્ષા જીવનની આખરી પરીક્ષા નથી હોતી ! (સ્ત્રોત : લાટીવાળા ડી.એલ.એડ્. કોલેજ)

મિસરી :

''શિક્ષણ એ એવું ખાતું છે જે બંધ ન કરી શકાય માટે ચાલુ છે.''

-(ઝવેરચંદ મેઘાણી)

(તા. ૮મી માર્ચ, ૧૯૪૭, જાહેર પ્રવચન-બોટાદ)

santoshdevkar03@gmail.com

મંથરા અને ઈયાગો – કૈકેયી અને ઓથેલો

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

મંથરા અને ઈયાગો... આ બંને પાત્ર ચિરંજીવ પાત્રો છે. મંથરા હોય કે ઈયાગો... આ બંને શબ્દોમાં પણ ઈગો (ઈયાગો) ના જ સૂર સંભળાય છે...

એક ઈયાગોએ ઓથેલોના સુખી દાંપત્ય જીવનને છિન્નભિન્ન કરી નાખ્યું. એટલે સુધી ઓથેલોના કાન ભંભેર્યા કે તેણે તાજમહલની મૂરત સમી પોતાની પ્રેયસી/પત્નીનું ખૂબ કરી નાખ્યું.

વાંક ઓથેલોનો હતો કે એના કાનમાં સતત ઝેર રેડનાર ઈયાગો નો હતો? કહે છે કે ૧૦૦ વખત જૂઠ તમારા માથે મારવામાં આવે તો એ જૂઠ સત્ય બની જાય છે... અને આવું જૂઠું સત્ય માનવીના જીવનનું, સુખનું, નિરાંતનું ધનોત-પનોત વાળીને મૂકી દે છે...

મંથરા - કૈકેયીની દાસી... દાસી જેવી દામિની વાતમાં આવી જઈને કૈકેયી કેવો નિર્ણય કરી બેસે છે? દિવાળીને હોળીમાં કેવી રીતે ફેરવી દેવી તેની જ ગડમથલમાં મંથરાઓ ફરતી રહેતી હોય છે...

આપણે બધા આ ચાર કેરેકટરના મિશ્રણ જેવા છીએ... કૈકેયી અને ઓથેલો તો જાણે ઘણા બધા આત્મસાત્ થઈ ગયા છે, પરંતુ કમનસીબે મંથરા અને ઈયાગો પણ કાળ સમયે આપણે બની જતા હોઈએ છીએ...

મંથરા કે ઈયાગો એ પાત્ર નથી... પ્રતીક છે... કોઈ દિવસ કોઈ મંથરાને પૂછે કે - રાજગાદી પર રામ બેસે કે ભરત તને શું ફેર પડવાનો હતો કે, પરિવાર આખાનું સત્યાનાશ કરી નાખ્યું.. તો મંથરા પાસે કોઈ ચોક્કસ જવાબ નહીં જ હોય...

આવું જ ઈયાગોના વિષયમાં છે, ક્ષણિક કે ક્ષુલ્લક લાભ ખાતર કોઈની કાન ભંભેરણી કરીને સામેવાળા માણસની દુનિયા તબાહ કરી દેનારા પાત્રો આજે અત્યારે પણ સમાજમાં જોવા મળે છે...

વ્યવસાયિક સ્તરે, સામાજિક ધોરણે, પારિવારિક સ્તરે, કે પછી રાજકીય સ્તર પર આ બધા વિઘ્નસંતોષીઓની એક આખી ફોજ તૈયાર હોય છે...

કોઈની નિષ્કારણ, લેવા-દેવા વગર નિંદાકુંથલી કર્યા વગર રોટલો



પચતો ન હોય તેવા ઈયાગો ટાઈપના સ્વકેન્દ્રી, અહંકેન્દ્રી વ્યક્તિઓનો તોટો નથી...

કોઈના સુખથી જલનારા મનમાં કઈ હવા ભરીને ઉંબાડીયું કરતા હશે, એ તો ઈશ્વર જાણે પણ... જરાય લાગે વળગે નહીં એવા વિષયમાં પણ ઝેર ઓકીને અરધા કરી નાખે છે...

રામાયણમાં રામને વનવાસ મળ્યા પછી અને પુત્ર વિરહમાં દશરથના મૃત્યુ પછી મંથરાના હાવભાવ શું હતા, તેના જીવનમાં શું ફેરફાર થયો, સુખની કેવી ક્ષણો તેણે વિતાવી, કો'કનું ઘર બાળ્યા પછી તાપણું કરતી વેળાએ કેવી ગરમી હાંસલ થઈ આ બધા સવાલોના જવાબ વાલ્મિકી આપતા નથી, જરૂર પણ નહોતીં... પણ બીજા માણસને ઢાલ બનાવીને વળી ત્રીજા જ માણસનું કાસળ કાઢી નાખવાની ધૂર્ત ચાલ રમ્યા પછી, કોઈનો પણ માઘ્યલો શા માટે બંડ નહીં પોકારતો હોય !

સીધો ઘા કરવો, દાની દુશ્મની વહોંરવી આ વસ્તુ જુદી છે.

પણ કો'કના ખભે બંદૂક ફોડતા રહીને વિકૃત આનંદ મેળવતા રહેવાની વૃત્તિ તો ચાંડાલ વૃત્તિ જ કહેવાય...

પણ પહેલા કહ્યું તેમ આ બધા પાત્રો તો પ્રતીક માત્ર છે, આપણા આવેગોના...

શું વાક માત્ર ઈયાગોનો કે મંથરાઓનો હોય છે! બિલકુલ નહીં... કૈકેયી રાણી હતી... અયોધ્યાની રાણી હતી... દશરથ જેવા પ્રતાપી રાજાની પત્ની હતી... સારા કુળમાંથી આવતી હતી... તો શું મંથરા જેવી દાસીની આવી વિકૃત અને હળાહળ યુક્ત વાતને માની લેવી તેના માટે કેટલા અંશે યોગ્ય હતી?

આવું જ ઓથેલોના વિષયમાં પણ છે... શું કોઈ પ્રેમી/પતિ બીજા કોઈ ત્રાહિતની વાત માની લઈને આ હદ સુધી જી શકે ખરો! પોતાની કોઈ આગવી સમજશક્તિ જ નહીં રહી હોય!

જવાબ છે... પણ માત્ર હા કે ના માં નથી... આપણે હંમેશા જે મનમાં ધારી લેતા હોઈએ છીએ, તે વિચારધારાને પોષવા માટેના કારણો શોધતા ફરીએ છીએ... એક વાર વિચાર મનમાં ઘર કરી લે પછી એ જ ધારણાને પુષ્ટિ મળે તેવા જ વિધાનો, તેવી જ ઘટનાઓ સાંભળવા, જોવા માંગીએ છીએ...

કૈકેયીની ભરતને રાજદાગી આપવાની ઈચ્છા તો કયાંકને કયાંક મનમાં ધરબાયેલી પડી જ હશે... મંથરાની કાન ભંભેરણીએ અધબૂઝેલી ચિનગારીમાં ફૂંક મારીને પ્રજ્વલિત કરવાનું કામ કર્યું.

અને જે આપણને સાંભળવું કે જોવું ગમે છે, તે આપણે ગમે ત્યાંથી તડ-જોડ કરીને નવી ઘટમાળને મનગમતી ઘટમાળ સાથે જોડી દઈને આપણામાં પાંગરતા કુવિચારને પોષવાનું કામ કરીએ છીએ...

સવળી ઘટનાઓને, સવળા સંજોગોને અવળા કરીને વક્ર દૃષ્ટિએ જોવાનો મહારત હાંસલ કરવા માટે કયાંય ટ્યૂશન કલાસમાં જવાની જરૂર નથી હોતી...

અને માટે જ જયારે આપણે મનથી થોડા નબળા પડી ગયા હોઈએ અથવા મગજમાં કોઈ ધારણા એ અવધારણા - અમંગળ ધારણા બનવા બળવત્તર જોર કરી રહી હોય, ત્યારે આપણી કંપની ચકાસી લેવી જોઈએ... જરાક પણ આગમાં ઘી હોમવા જેવા લાગતા વિઘ્નસંતોષી આસપાસ હોવાની ગંધ મળે કે તરત જ સાવધાન થઈ જવું જરૂરી છે...

તટસ્થ અને વિવેકી વ્યક્તિની સંગતમાં તો હંમેશા રહેવું જોઈએ, પરંતુ આવા સમયે તો ખાસ આવા સજ્જનોનો સાથ લેવો જોઈએ...

મંથરા-ઈયાગોને કૈકેયી, ઓથેલોના પાત્રોનું સર્જન કરનાર વાલ્મિકી અને શેક્સપિયરને લાખ લાખ સલામ કે તેમણે માનવસહજ ઈર્ષ્યાવૃત્તિને સચોટ રીતે દર્શાવીને આપણને સાવધાન કરવાનું કાર્ય કર્યું છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

પરિશ્રમ કરનારને વળતર મળી જ રહે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'અરે, ટેક્સી લઈને આવવાની કયાં જરૂર હતી ? આપણે બસમાં પણ જઈ શકતા હતા.'

રેલવે સ્ટેશને મુંબઈથી અમદાવાદ આવેલા જગતે ઉત્પલને કહ્યું.

'તું બેસ તો ખરો, તને મારા જીવનમાં આર્થિક સમૃદ્ધિ લાવવાની પ્રેરણા આપનારનો પરિચય કરાવું. આ છે દિનેશ, મારો મિત્ર અને આ ટેક્સીનો માલિક' ઉત્પલે આમ કહી ટેક્સી ડ્રાઈવરનો પરિચય કરાવ્યો.

જગત અને ઉત્પલ બંને અમદાવાદમાં સાથે ઉછરેલા - બંનેના ઘર નજીક હતા એટલે બાળકોની ટોળીમાં ધમાલ - મસ્તીમાં અને પછીથી સ્કૂલ-કૉલેજમાં પણ સાથે રહ્યા હતા. બંનેની પારિવારિક દોસ્તી હતી. સમય જતા જગતને એના ઉચ્ચ અભ્યાસને કારણે એક ખાનગી કંપનીમાં સારી નોકરી મળી ગઈ એટલે એ અમદાવાદમાં કામ કરતો થયો. એની સામે ઉત્પલમાં આળસનો ભંડાર ભરેલો હતો - વાતો સારી સારી ને મોટી મોટી કરે પણ મહેનત કરવામાં એનો જીવ ન લાગે. પરિણામે થોડા મહિના અહીંને થોડા મહિના તહીં એમ કામ કરે. સ્વભાવગત પ્રકૃતિના કારણે કયાંયે સેટ ન થાય. લગ્ન થયા પછી એને બે બાળકો થયા... પત્ની પણ પરચૂરણ કામ કરે પણ દિવસે દિવસે વધતા ખર્ચ સામે હંમેશા પરિવાર ભીંસમાં રહે. જગત એને ઘણીવાર સમજાવતો પણ ડાહી ડાહી વાતો કરો ને અટકી જાય... બાળકો કૉલેજમાં અભ્યાસ કરતા થયા... એ દરમિયાન જગતનો પરિવાર વધુ સારી કંપનીમાં સ્થાન મળતાં મુંબઈ સેટલ થયો. પરિચય - સંપર્કો નિયમિત રહ્યા એટલે એકબીજાની જાણકારી મળી જતી હતી. એવામાં જગતને કોઈ સામાજિક કામે અમદાવાદ આવવાનું થયું અને લાંબા સમય બાદ એ અમદાવાદ આપ્યો હતો. સ્વાભાવિક જ મિત્રની આર્થિક સ્થિતિની એને પૂરેપૂરી ખબર હતી એટલે જ એણે રેલવે સ્ટેશને જયારે ઉત્પલે ટેક્સી બોલાવી ત્યારે લેખના આરંભે લખેલો સંવાદ કર્યો. જવાબમાં હસતા હસતા ઉત્પલે પરિચય કરાવ્યો દિનેશનો.

પછીની વાત ઉત્પલે માંડીને કહી... એકવાર કોઈ કામ સબબ ઉત્પલ અને એની પત્ની આવી જ રીતે બહારગામથી કામ પૂરું કરીને આવી રહ્યા હતા. રાતના દોઢ વાગ્યાનો સમય થયો હતો.

દીકરી ભણવામાં હોંશિયાર રહતી અને સ્વરોજગારી દ્વારા પોતાની રીતે આર્થિક સધ્ધર થવા માંડી હતી. દીકરીએ મોબાઈલ ફોન દ્વારા પપ્પા-મમ્મી માટે ટેક્સી બુક કરાવી આપી હતી. ટેક્સી ડ્રાઈવર સાથે ઘરે પહોંચતા સુધીમાં ઉત્પલે જે સંવાદ કર્યો એમાં એને જાણવા મળ્યું કે દિનેશ વસ્ત્રાપુરમાં રહે છે. એક શેઠનો ડ્રાઈવર હતો પાંચ-સાત વર્ષ સુધી... પણ પગારમાં પૂરું ન થાય. હિંમત કરી - ટેક્સી જૂની ખરીદી અને અત્યારે રોજ બપોરે જમીને ૧૨-૧ વાગ્યાથી રાત્રે ૧૨-૧ સુધી ટેક્સી ફેરવે... ઘરે જઈને જમે... સવારે ૭ થી ૯માં આજુબાજુના ફલેટની ગાડીઓની સફાઈ કરે અને આમ મહિને રૂપિયા પચાર હજાર પ્રેમથી સન્માન સાથે રળે...

આટલી બધી મહેનતનું કારણ ? તો કહે, 'બાળકોને સારું ભવિષ્ય આપવું છે...' બસ ત્યારથી ઉત્પલને પણ પરિશ્રમનો પાનો ચડ્યો - આપસને અલવિદા કહી અને એણે દિનેશની મિત્રતા કેળવી. પોતાને જેમાં ફાવટ હતી તે વ્યવસાયન સાથે આસપાસના ફલેટની ગાડીઓ સાફ કરવાનું શરૂ કર્યું. પત્ની તો વિશેષ મહેનત કરતી જ હતી. આમ સરવાળે પરિવારમાં પિતાના વાત્સલ્યમાં પરિશ્રમ ભળ્યો અને પહેલાંના કરતા પરિવાર આર્થિક રીતે વધુ સધ્ધર બન્યો. દરમિયાન ઘર આવી ગયું અને દિનેશનો આભાર માનીને બંને મિત્રો ઘેર પહોંચ્યા તો દીકરીએ વહાલથી સ્વાગત કર્યું.

આપણી ભાષામાં અનાવિશ્વનો તમામ ભાષાઓમાં અને સમાજ જીવનમાં આળસને જીવનનો વિનાશ કરનાર પરિબળ તરીકે નિરૂપિત કરવામાં આવી છે. આળસ માણસના જીવનને રુંધે છે. એટલે જ આળસને હટાવીને માણસ જયારે કામ કરે છે ત્યારે એ પોતાના જીવનમાં બે ડગલા આગળ વધે છે.

રોકડા રૂપિયા જેવો પુરો ૨૪ કલાકનો સમય આ પૃથ્વી પર પ્રત્યેક માણસને મળે છે. એ ૨૪ કલાકમાંથી વ્યવસ્થિત રીતે - પોતાના રસ-રૂચિ અનુસાર અથવા તો જે સ્થિતિમાં છે તેમાં પરિશ્રમ કરનારને વળતર મળી જ રહે છે. વાતો નહીં, અમલ થાય ત્યારે, અવલોકનો નહિ, અમલીકરણ થાય ત્યારે જીવનમાં જીવનમાં પ્રેમના પ્રસન્નતાના અને પુરુષાર્થના દીવડા ઝળહળે છે અને અજવાળા રેલાય છે.

●●●

મહેનત હમારા જીવન
મહેનત હમારા નારા
મહેનત સે ઝમગાલો
તકદીર કા સિતારા

- હિન્દી ફિલ્મી ગીત